# હરમન-સ્મૃતિ વચ્ચેના મતભેદને પગલે નેતૃત્વ પરિવર્તન થયાના અહેવાલ

**સ્મૃતિ** મંધાના અને હરમનપ્રીત વચ્ચેના અણબનાવને કારણે ડ્રેસિંગ રૂમમાં વાતાવરણ તંગ રહેતું હતું

**પહેલા** સારો મનમેળ ધરાવતી બંને ખેલાડી તાજેતરના સમયમાં એકબીજા સામે આવવાનું ટાળતી હતી




નવી દિલ્હી, તા. 07 : હરમનપ્રીત કૌરના રાજીનામા બાદ સ્મૃતિ મંધાના ભારતીય મહિલા ક્રિકેટ ટીમનું નેતૃત્વ સંભાળે તે નક્કી હતું, પરંતુ 30 વર્ષીય આ ડાબોડી બેટરને આ જવાબદારી થોડી મોડી મળી હોવાની ચર્ચા જાગી છે. 2016થી ટીમની આગેવાની સંભાળનાર 37 વર્ષીય હરમનપ્રીતે બીસીસીઆઈની સમીક્ષા બેઠક પછી તમામ ફોર્મેટની કેપ્ટનશીપ છોડવાનો નિર્ણય લીધો હતો. સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત વચ્ચે કેપ્ટનશીપના મુદ્દે લાંબા સમયથી મનમેળ ન હોવાના અહેવાલો સામે આવ્યા છે. ડ્રેસિંગરૂમના એક સૂત્ર મુજબ, બંને વચ્ચે અણબનાવ હોવાથી વાતાવરણ તંગ બની ગયું હતું. હરમનપ્રીત અને મંધાના વચ્ચે પહેલા સારો મનમેળ હતો પણ કેપ્ટનશીપ તેમની વચ્ચે એક મુશ્કેલ મુદ્દો બની ગયો હતો ટીમના એક સૂત્રએ જણાવ્યું કે તેઓ છેલ્લા કેટલાક સમયથી એકબીજા સામે આવવાનું ટાળતા હતા અને બંને મળે ત્યારે તેઓ એકબીજાની આંખમાં આંખ મેળવતા નહોતા અને તેના કારણે ડ્રેસિંગ રૂમમાં સ્પષ્ટ અસ્વસ્થતા ફેલાઈ ગઈ હતી. માજી કેપ્ટન મિતાલી રાજે પણ મંધાનાને 2 થી 3 વર્ષ પહેલા વનડે અને ટેસ્ટની કેપ્ટનશીપ આપવાની વાત કરી હતી અને તેણે શેફાલી વર્માને ટી-20ની કેપ્ટન બનાવવાની પણ વાત કરી હતી. અહીં એ નોંધ કરવાની કે 2022માં વર્લ્ડકપ પછી, જ્યારે હરમનપ્રીતે મિતાલી પાસેથી વન ડે કેપ્ટનશીપ સંભાળી, ત્યારે આ બંને અનુભવી ખેલાડીઓ વચ્ચેના સંબંધો સૌથી નીચલા સ્તરે પહોંચ્યા હતા અને તેના કારણે ટીમમાં જૂથવાદ જેવી સ્થિતિ સર્જાઇ હતી. હવે જ્યારે મંધાના કેપ્ટન બની છે અને હરમન આગામી બે કે ત્રણ વર્ષ સુધી ખેલાડી તરીકે ચાલુ રહેવા માંગે છે, ત્યારે જોવાનું એ છે કે આ બંને વચ્ચેના સંબંધો કયા સ્તરે પહોંચે છે.

## માનુષ-દિયાની જોડી ચાઇના સ્મેશની સેમીમાં, માનવ સિંગલ્સમાં હાર્યો

બેઇજિંગ, તા. 07 : માનુષ શાહ અને દિયા ચિતાલેએ બુધવારે અહીં WTT ચાઇના સ્મેશના ક્વાર્ટર ફાઇનલમાં રોમાનિયાના એડવાર્ટ આયોનેસ્કુ અને બર્નાડિટ જોક્સને 3-0થી હરાવીને ઇતિહાસ રચ્યો અને WTT ગ્રાન્ડ સ્મેશના સેમી ફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મિક્ષ્ડ ડબલ્સ જોડી બની. પાંચમી ક્રમાંકિત ભારતીય જોડીએ ક્વાર્ટર ફાઇનલમાં રોમાનિયન જોડીને 11-9, 13-11, 11-3થી હરાવીને અંતિમ ચારમાં જગ્યા બનાવી. આ જીત સાથે, ભારતીય જોડીએ શાનદાર વાપસી કરીને ગયા વર્ષે રોમાનિયન જોડી સામેની સીધી ગેમમાં મળેલી હારનો બદલો લીધો. જોકે, ભારતના માનવ ઠક્કર પુરુષ સિંગલ્સના છેલ્લા 32 રાઉન્ડમાં ફ્રાન્સના સાતમા ક્રમાંકિત એલેક્સિસ લેબ્રુન સામે 0-3થી હારી ગયા બાદ સ્પર્ધામાંથી બહાર થઇ ગયા.

## આર્કટિક ઓપન : પ્રણોય હાર્યો, કૃષ્ણ-પૃથ્વી. તન્વીની આગેકૂચ

વાંટા (ફિનલેન્ડ), તા. 07 : એચએસ પ્રણોય પ્રથમ રાઉન્ડમાં હારીને આર્કટિક ઓપન સુપર 500 બેડમિન્ટન ટુર્નામેન્ટમાંથી બહાર થઇ ગયો હતો પરંતુ કૃષ્ણ પ્રસાદ ગરાગા અને પૃથ્વી કૃષ્ણમૂર્તિ રોયની જોડીએ પાંચમી ક્રમાંકિત ચીની જોડી હી ઝી ટિંગ અને રેન ઝિયાંગ યુને હરાવી હતી. 34 વર્ષીય પ્રણોયનો ચોથા ક્રમાંકિત ડેનમાર્કના એન્ડર્સ એન્ટોનસેન સામે 21-10, 21-9થી પરાજય થયો. કૃષ્ણા અને પૃથ્વીએ હી અને રેઈનને 10-21, 21-18, 22-20થી હરાવ્યા. તન્વી શર્માએ તાઇવાનની ચિયુ પિન ચિએનને 21-15, 21-17 થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો પરંતુ ઇશારાની બરુઆ ટોચના ક્રમાંકિત થાઇલેન્ડની રત્યાનોક ઇન્ટાનોન સામે 21-10, 21-15 થી હારી ગઇ હતી.

## ભારતીય U-17 ફૂટબોલ ટીમે ફ્રેન્ડલી મેચમાં મ્યાનમારને હરાવ્યું

થાનલીન (મ્યાનમાર), તા. 07 : ભારતીય અંડર-17 પુરુષ ફૂટબોલ ટીમે બુધવારે અહીં રમાયેલી બીજી ફ્રેન્ડલી મેચમાં યજમાન મ્યાનમારને 4-0થી હરાવીને પોતાના પ્રવાસનો વિજયી અંત કર્યો. કેપ્ટન દલ્લામૌન ગાંગટેએ પહેલા હાફની 40મી મિનિટે ગોલ કરીને ભારતને સરસાઇ અપાવી. 53મી મિનિટે કી થારે આત્મઘાતી ગોલ કરતાં ભારતની સરસાઇ બમણી થઇ હતી. 60મી મિનિટે કામગૌહાઓ ડુંગેલ અને 72મી મિનિટે હૃષિકેશ ચરણ મનવાથીના ગોલથી ભારતનો 4-0થી વિજય સુનિશ્ચિત થયો. મેહરાજુદ્દીન વાડુ ભારતની અંડર-૧૭ પુરુષ ટીમના મુખ્ય કોચ બન્યા પછી ટીમની આ પહેલી જીત છે.

## યુએસ વિઝા નકારતા અંડર-23 વર્લ્ડ રેસલિંગમાં ભારતીયોની ભાગીદારી શંકામાં

નવી દિલ્હી, તા. 07 (પીટીઆઇ) : અમેરિકાના લાસ વેગાસમાં આગામી 12 થી 18 ઓક્ટોબર દરમિયાન યોજાનારી અંડર 23 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતીય પહેલવાનોની ભાગીદારી સામે સંશયના વાદળો ઘેરાયા છે. 2024ના અંડર 17 વર્લ્ડ ચેમ્પિયન નેહા સાંગવાન સહિત અનેક ભારતીય રેસલર્સના યુએસ વિઝા નકારી કાઢવામાં આવ્યા છે. બુધવારે દિલ્હી સ્થિત અમેરિકી એમ્બસીમાં ઇન્ટરવ્યુ માટે ગયેલા ખેલાડીઓને મૌખિક રીતે જણાવવામાં આવ્યું હતું કે 20 વર્ષથી ઓછી વય ધરાવતા હોવા અને કોઇ પણ ઔપચારિક રોજગાર ન હોવાના કારણે તેમના વિઝા નકારાયા છે. ઇન્ટરવ્યુ બાદ તમામના પાસપોર્ટ પરત આપી દેવાયા હતા. આ મામલે રેસલિંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા (ડબલ્યુએફઆઇ) એ દિલ્હી સ્થિત યુએસ એમ્બસીને પત્ર લખીને નિર્ણય પર પુનર્વિચાર કરવા અપીલ કરી છે. ફેડરેશનના જણાવ્યા મુજબ બુધવારે કુલ 24 સહભાગીઓ એમ્બસી ગયા હતા, જેમાંથી 16 રેસલર્સ હતા અને તેમાંથી 9 રેસલર્સના વિઝા નકારવામાં આવ્યા છે. ડબલ્યુએફઆઇએ સ્પષ્ટતા કરી છે કે આ સ્પર્ધા અંડર 23 વયજૂથ માટેની છે, જેમાં 18 થી 23 વર્ષના ખેલાડીઓ ભાગ લે છે.

# 2036 ઓલિમ્પિક્સ દાવેદારી માટે ભારતની થીમ રાઈઝિંગ ટુગેધર

**આઇઓસી** સામે ભારત નવેમ્બરના અંતમાં અમદાવાદ શહેરને કેન્દ્રમાં રાખીને પ્રથમ પ્રેઝન્ટેશન રજૂ કરશે

**2036** માટે ભારતની મહાકાંક્ષા રમતગમત દ્વારા દેશનું ભવિષ્ય ઘડવાના વિચાર પર આધારિત : માંડવિયા



નવી દિલ્હી, તા. 07 (પીટીઆઇ) : ભારતની 2036 ઓલિમ્પિક ગેમ્સની યજમાની માટેની દાવેદારી રાઈઝિંગ ટુગેધરના વિઝન પર આધારિત રહેશે. કેન્દ્રીય રમત મંત્રી મનસુખ માંડવિયા અને ભારતીય ઓલિમ્પિક્સ એસોસિએશન (આઇઓએ)ના પ્રમુખ પી ટી ઉષાએ બુધવારે જાહેરાત કરી હતી કે ઇન્ટરનેશનલ ઓલિમ્પિક્સ સમિતિ (આઇઓસી)ની ફ્યુચર હોસ્ટ કમિશન સામે ભારત નવેમ્બરના અંતમાં પોતાનું પ્રથમ પ્રોજેક્ટ પ્રેઝન્ટેશન રજૂ કરશે.

આઇઓસીએ મંગળવારે જણાવ્યું હતું કે 2036ના ઓલિમ્પિક્સની યજમાનીમાં રસ દાખવનારા સાત દેશોમાં ભારત, જર્મની, કતાર અને તુર્કીનો સમાવેશ થાય છે. આ સિવાય હંગેરી, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકા પણ રેસમાં છે. આ તમામ દેશોને પોતાના પ્રોજેક્ટ રજૂ કરવા આમંત્રણ અપાયું છે. માંડવિયાએ જણાવ્યું હતું કે 2036 માટે ભારતની મહાકાંક્ષા રમતગમત દ્વારા દેશનું ભવિષ્ય ઘડવાના વિચાર પર આધારિત છે. ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક ગેમ્સની યજમાનીથી લાખો યુવાનોને રમતગમતમાં જોડાવાની પ્રેરણા મળશે અને રોજગારી તેમજ સામાજિક વિકાસની નવી તકો ઊભી થશે.

ભારતે આ રમતોના આયોજન માટે અમદાવાદ શહેરની પસંદગી કરી છે, જે અગાઉ ક્યારેય ભારતમાં યોજાયી નથી. ભારતે 2024માં યજમાની માટે સત્તાવાર ઈચ્છાપત્ર જમા કરાવ્યું હતું. આઈઓએના પ્રમુખ પી ટી ઉષાએ જણાવ્યું હતું કે રાઈઝિંગ ટુગેધર ભારતની ઊર્જા અને વિવિધતાને એક કરવાની પ્રતિબદ્ધતા છે. નવેમ્બરના પ્રેઝન્ટેશન બાદ 2028થી સ્ટ્રેટેજિક ડાયલોગનો તબક્કો શરૂ થશે અને 2029ના મધ્યમાં આખરી નિર્ણય લેવાશે.

# ટી-20 રેન્કિંગમાં ઐયર સાતમા ક્રમે, વન ડેમાં ગીલ ટોચ પર યથાવત

**શ્રેયસ** અય્યર 18 ક્રમનો કુદકો મારી કેરિયર બેસ્ટ સાતમા ક્રમે પહોંચ્યો, ઇશાન, અભિષેક ટોચના બે સ્થાને યથાવત

**વન ડે** રેન્કિંગમાં રાહુલ સાત ક્રમ ઉપર આવી ટોપ ટેનમાં, કોહલી ત્રીજા અને રોહિત ચોથા સ્થાને




દુબઈ, તા. 07 : ભારતના ટી-20 કેપ્ટન શ્રેયસ અય્યર રમતના સૌથી ટૂંકા ફોર્મેટના રેન્કિંગમાં કેરિયર બેસ્ટ સાતમા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે વન ડેમાં કેપ્ટન શુભમન ગિલ ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. લખનૌમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની સીરિઝની પહેલી મેચમાં સદી ફટકારવા બદલ અય્યર 18 ક્રમનો કુદકો મારીને આ ફોર્મેટમાં પહેલીવાર સાતમા ક્રમે પહોંચ્યો છે. ઈશાન કિશન અને અભિષેક શર્માએ ટોચના બે સ્થાન જાળવી રાખ્યા છે. ભારતનો ડાબોડી સ્પિનર અક્ષર પટેલ 16 ક્રમ કુદીને સાતમા સ્થાને પહોંચી ગયો છે. ગુવાહાટી વન ડેમાં બેવડી સદી ફટકારનાર ગીલ કેરિયર બેસ્ટ 841 રેટિંગ્સ પોઈન્ટ સાથે વન ડે રેન્કિંગમાં ટોચે યથાવત છે. માજી કેપ્ટન વિરાટ કોહલી બીજા સ્થાનેથી ત્રીજા સ્થાને સરકી ગયો છે. જ્યારે કેએલ રાહુલે સાત સ્થાન ઉપર આવીને ટોપ 10માં પાછો ફર્યો છે.

### વનડે રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | શુભમન ગીલ | ભારત | 841 |
| 2 | ડેરિલ મિચેલ | ન્યૂઝીલેન્ડ | 794 |
| 3 | વિરાટ કોહલી | ભારત | 781 |
| 4 | રોહિત શર્મા | ભારત | 770 |
| 5 | ઇબ્રાહીમ ઝદરાન | અફઘાનિસ્તાન | 719 |
| 6 | શે હોપ | વેસ્ટઇન્ડિઝ | 710 |
| 7 | બાબર આઝમ | પાકિસ્તાન | 689 |
| 8 | કુસલ મેન્ડિસ | શ્રીલંકા | 674 |
| 9 | જો રૂટ | ઈંગ્લેન્ડ | 660 |
| 10 | કેએલ રાહુલ | ભારત | 653 |

### ટી-20 ટોપ ટેન બેટ્સમેન

| ક્રમ | ખેલાડી | દેશ | રેટિંગ |
|---|---|---|---|
| 1 | ઇશાન કિશન | ભારત | 902 |
| 2 | અભિષેક શર્મા | ભારત | 887 |
| 3 | સાહિબઝાદા | પાકિસ્તાન | 818 |
| 4 | હેરી બ્રુક | ઈંગ્લેન્ડ | 793 |
| 5 | જોશ બટલર | ઈંગ્લેન્ડ | 789 |
| 6 | ડેવાલ્ડ બ્રેવિસ | દ. આફ્રિકા | 789 |
| 7 | શ્રેયસ અય્યર | ભારત | 786 |
| 8 | ફિલ સોલ્ટ | ઈંગ્લેન્ડ | 775 |
| 9 | પથુમ નિસાંકા | શ્રીલંકા | 742 |
| 10 | તિલક વર્મા | ભારત | 718 |

# યૂથ ટેસ્ટ : તન્મય બલોડાએ પ્રભાવક બોલિંગથી ભારતે ઓસ્ટ્રેલિયાને હરાવ્યું

**તન્મયે** બીજી ઇનિંગમાં આઠ વિકેટ સાથે કુલ 14 વિકેટ ઝડપી, 10 વિકેટે મેચ જીતવા સાથે ભારતે સીરિઝ 2-0થી જીતી



અમદાવાદ, તા. 07 (પીટીઆઈ) : ડાબોડી સ્પિનર તન્મય બલોડાએ બીજી ઈનિંગમાં આઠ સહિત મેચમાં કુલ 14 વિકેટ ઝડપતા ભારતની અંડર-19 ટીમે બીજી યુથ ટેસ્ટના ત્રીજા દિવસે ઓસ્ટ્રેલિયાને 10 વિકેટથી હરાવીને સીરિઝ 2-0થી જીતી લીધી હતી.

ત્રીજા દિવસે ચાર વિકેટે 86 રનથી શરૂઆત કરતા ઓસ્ટ્રેલિયા 151 રનમાં ઓલઆઉટ થઈ જતાં ભારતને જીત માટે માત્ર 11 રનનો લક્ષ્યાંક મળતા તેણે એક પણ વિકેટ ગુમાવ્યા વિના કબજે કર્યો હતો. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ ઈનિંગમાં 174 રન બનાવ્યા બાદ ભારતે પ્રથમ ઈનિંગમાં 315 રન બનાવીને 141 રનની સરસાઇ મેળવી હતી.

# ચાઈના ઓપન : સોશિયલ મીડિયા પર વંશીય ટીકા વચ્ચે કોકો ગફ હારી

**ગફને** હરાવી મર્ટેન્સ પાંચ વર્ષે અંતિમ આઠમાં, સ્વિટેક પણ ક્વાર્ટર ફાઇનલમાં

બેઈજિંગ, તા. 07 (પીટીઆઇ) : ચાઇના ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં અમેરિકાની ચોથો ક્રમાંક ધરાવતી ખેલાડી કોકો ગફનો ચોથા રાઉન્ડમાં બેલ્જિયમની એલિસ મેર્ટેન્સ સામે 6-3, 6-3થી પરાજય થયો છે. અગાઉની મેચમાં ચાઈનીઝ ખેલાડી સન સિંરાન સામે એક વિવાદાસ્પદ પોઈન્ટ બાદ ગફ સોશિયલ મીડિયા પર ભારે વંશીય ટિપ્પણીઓનો શિકાર બની હતી. ગફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, મારી રમત અથવા નિર્ણયથી અસહમત થવું અલગ બાબત છે, પરંતુ વંશીય ટિપ્પણીઓ કરવી યોગ્ય નથી. છેલ્લા કેટલાક કલાકોમાં મને મોટી સંખ્યામાં વંશીય ટિપ્પણીઓ અને સંદેશાઓ મળ્યા છે. મેર્ટેન્સે ડબલ્યુટીએ 1000ની સ્પર્ધામાં પાંચ વર્ષ બાદ પ્રથમ વખત ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. અન્ય એક મેચમાં ઈગા સ્વિટેકે અમેરિકાની 18 વર્ષીય ઈવા જોવિચને 6-1, 6-3થી હરાવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેનો સામનો મેર્ટેન્સ સામે થશે.

# અર્જેન્ટીનાની જીત સાથે લિયોનલ મેસીએ ઇન્ટરનેશનલ કેરિયર પર પડદો પાડ્યો

**બેનિન** સામે રમાયેલી હોમ મેચમાં લિયોનલ મેસીએ એક ગોલ કરી બેમાં સહાયક બન્યો

**85000** પ્રેક્ષકોની હાજરીમાં દિગ્ગજ ફૂટબોલરની 21 વર્ષની કેરિયરનો યાદગાર અંત




### મેસીની 21 વર્ષની કેરિયર

| | |
|---|---|
| ઇન્ટરનેશનલ મેચ | 208 |
| ઇન્ટરનેશનલ ગોલ | 126 |
| વર્લ્ડકપ વિજય | 1 (2022) |
| કોપા અમેરિકા ખિતાબ | 2 |
| બેલોન ડી ઓર એવોર્ડ | 8 |

બ્યુએનસ આયર્સ, તા. 7 (એપી) : લિયોનેલ મેસીએ પોતાના હોમ ગ્રાઉન્ડ પર રમેલી અંતિમ ઈન્ટરનેશનલ મેચમાં શાનદાર પ્રદર્શન કરતા અર્જેન્ટીનાને બેનિન સામે 3-0થી વિજય અપાવ્યો હતો. અહીંના મોન્યુમેન્ટલ સ્ટેડિયમમાં રમાયેલી આ ફ્રેન્ડલી મેચમાં મેસીએ પેનલ્ટી પર ગોલ નોંધાવ્યો હતો અને બે ગોલ કરવામાં મદદ કરી હતી. મેચની 48મી મિનિટે મેસીની કોર્નર કિક પર નિકોલસ ઓટામેન્ડીએ હેડર વડે પ્રથમ ગોલ કર્યો હતો. ત્યારબાદ 61મી મિનિટે મેસીના પાસ પર નિકોલસ પાઝે બીજો ગોલ નોંધાવ્યો હતો. 71મી મિનિટે મેસીએ શાનદાર પેનલ્ટી કિક વડે પોતાનો 126મો ઈન્ટરનેશનલ ગોલ નોંધાવ્યો હતો.

મેચ બાદ ભાવુક થયેલા મેસીએ દર્શકોનો આભાર માનતા કહ્યું હતું કે, 20 વર્ષથી વધુ સમય સુધી દેશની જર્સી પહેરવી મારા માટે ગર્વની વાત છે. મેં હંમેશા દેશ માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરવાનો પ્રયાસ કર્યો છે અને અર્જેન્ટીના તરફથી રમવું એ વિશ્વનો સૌથી સુંદર અનુભવ છે.

### મેસી અંતિમ મેચમાં ખાસ ડિઝાઇન કરાયેલી જર્સી પહેરીને રમ્યો

લિયોનલ મેસી પોતાની 208મી અંતિમ મેચમાં ખાસ ડિઝાઇન કરેલી ગોલ્ડન 10 નંબરની જર્સી પહેરીને મેદાનમાં ઉતર્યો હતો. સ્પેશિયલ એડિશન જર્સીમાં સ્ટાન્ડર્ડ ડિઝાઇન કરતાં પહોળા પટ્ટા, એક વિશાળ સૂર્ય અને પાછળ સોનેરી નંબર 10 હતો. પાછળની વિગતો પર બકરીના શિંગડા છાપેલા હતા, જે 'GOAT' અર્થાત ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઇમનો સંદર્ભ છે.

### મેચની 10મી મિનિટે રેફરીએ રમત અટકાવી મેસીનું સન્માન કર્યું

મેચની 10મી મિનિટે રેફરીએ રમત અટકાવીને મેસીનું અનોખું સન્માન કર્યું હતું, તેની ટીમના સાથી ખેલાડીઓ ઉપરાંત હરીફ ટીમના ખેલાડીઓની સાથે જ સમગ્ર સ્ટેડિયમે ઊભા થઈને તાળીઓના ગડગડાટ સાથે તેને વધાવ્યો હતો. દિગ્ગજ ખેલાડી ડિએગો મેરાડોનાના ઉત્તરાધિકારી તરીકે મેસીએ 2005માં ડેબ્યૂ કર્યું હતું અને 2022માં અર્જેન્ટીનાને વર્લ્ડકપ અપાવીને ફૂટબોલ ઈતિહાસમાં પોતાનું સ્થાન અમર કર્યું હતું.

# સ્મૃતિ મંધાનાએ હરમનપ્રીતના 10 વર્ષના નેતૃત્વની પ્રશંસા કરી

**નવી** કેપ્ટન મંધાનાએ માજી સુકાની સાથે મળીને દેશ માટે વધુ સિદ્ધિઓ હાંસલ કરવાની આશા વ્યક્ત કરી




મુંબઈ, તા. 07 (પીટીઆઇ) : ભારતીય મહિલા ક્રિકેટ ટીમની નવ નિયુક્ત કેપ્ટન સ્મૃતિ મંધાનાએ આજે બુધવારે માજી કેપ્ટન હરમાનપ્રીત કૌરના 10 વર્ષના નેતૃત્વ કાર્યકાળને શાનદાર ગણાવ્યો છે. તેણે આશા વ્યક્ત કરી હતી કે બંને ખેલાડીઓ આગામી સમયમાં પણ સાથે મળીને દેશ માટે સફર ચાલુ રાખશે.

હરમાનપ્રીત કૌરે મંગળવારે તમામ ફોર્મેટમાંથી કેપ્ટન પદ છોડવાની જાહેરાત કરી હતી. આ સાથે જ તેના 10 વર્ષ લાંબા સુકાનીપદનો અંત આવ્યો હતો. હરમાનપ્રીતના નેતૃત્વમાં ભારતીય ટીમે નવેમ્બર 2025 માં પ્રથમ વખત વનડે વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો હતો અને 2023 તથા 2026 ના એશિયન ગેમ્સમાં બે ગોલ્ડ મેડલ હાંસલ કર્યા હતા. મંધાનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે તમારી સાથે આટલા વર્ષો સુધી રમવું એ મારા માટે આનંદની વાત છે. તમારું 10 વર્ષનું નેતૃત્વ અદ્ભુત રહ્યું છે અને આપણે સાથે મળીને દેશ માટે વધુ સફળતાઓ લાવવાનો પ્રયાસ કરીશું. બીજી તરફ ઈજાના કારણે ટીમમાંથી બહાર રહેલી બેટ્સમેન જેમિમા રોડ્રિગ્સે પણ હરમાનપ્રીતનો આભાર માનતા લખ્યું હતું કે તમે જે સિદ્ધિઓ મેળવી છે તે બદલ અભિનંદન અને વર્ષો સુધી ટીમના સફળ નેતૃત્વ માટે આભાર.

# એશિયન પેરા ગેમ્સમાં પ્રમોદ ભગત અને ભવિના પટેલ ભારતના ધ્વજવાહક

**જાપાનના** નાગોયામાં યોજાનારી સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહમાં બંને પેરા ચેમ્પિયન્સ ભારતીય ટુકડીની આગેવાની કરશે

નવી દિલ્હી, તા. 07 (પીટીઆઈ) : પેરાલિમ્પિક્સ ચેમ્પિયન પ્રમોદ ભગત અને ભવિના પટેલ જાપાનના નાગોયા ખાતે 18 થી 24 ઓક્ટોબર દરમિયાન યોજાનારી એશિયન પેરા ગેમ્સના ઉદ્ઘાટન સમારોહમાં ભારતીય ટુકડીનું ધ્વજવાહક તરીકે નેતૃત્વ કરશે.

ભારતના સફળ પેરા બેડમિન્ટન ખેલાડી પ્રમોદ ભગતે 2014 થી 2023 દરમિયાન એશિયન પેરા ગેમ્સમાં બે ગોલ્ડ અને ચાર બ્રોન્ઝ સહિત 6 મેડલ જીત્યા છે. જ્યારે પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભવિના પટેલે 2018 થી 2023 વચ્ચે એક સિલ્વર અને એક બ્રોન્ઝ સહિત બે મેડલ પ્રાપ્ત કર્યા છે.

આ પ્રસંગે ભવિના પટેલે જણાવ્યું હતું કે દેશનો ત્રિરંગો પકડવો એ અત્યંત ગૌરવની ક્ષણ છે અને તેઓ ભારત માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા આતુર છે. પેરાલિમ્પિક્સ કમિટી ઓફ ઈન્ડિયા (પીસીઆઈ) દ્વારા 8 ઓક્ટોબરના રોજ વિદાય સમારંભનું આયોજન કરાશે.

# પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાત માટે વિરાટે પૈસા નથી લીધા : પ્રવક્તા

**વાયરલ** આક્ષેપોને પાયાવિહોણા ગણાવી મીડિયાને તથ્યોની ચકાસણી કરીને જ અહેવાલ પ્રસિદ્ધ કરવા અપીલ

**કોહલીની** આશ્રમની મુલાકાતો માત્ર મહારાજજી પ્રત્યેની તેની ઊંડી શ્રદ્ધા, આસ્થા અને આદર ભાવનાથી પ્રેરાયેલી



નવી દિલ્હી, તા. 07, (પીટીઆઇ) : અધ્યાત્મિક ગુરુ પ્રેમાનંદ મહારાજના આશ્રમની પ્રથમ મુલાકાત માટે ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ નાણાં લીધા હોવાના આરોપોને તેના પ્રવક્તાએ સખત શબ્દોમાં ફગાવી દીધા છે. પ્રવક્તાએ આ દાવાઓને સંપૂર્ણપણે અસત્ય, ભ્રામક અને પાયાવિહોણા ગણાવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કોહલી અને તેમની અભિનેત્રી પત્ની અનુષ્કા શર્મા પ્રેમાનંદ મહારાજના પરમ ભક્ત છે અને તેઓ અવારનવાર વૃંદાવનસ્થિત તેમના આશ્રમે દર્શનાર્થે જતા રહે છે. જોકે, તાજેતરમાં ફલાહારી મહારાજ દિનેશ શર્માએ એવો સનસનાટીભર્યો આક્ષેપ કર્યો હતો કે કોહલીએ 2023માં આશ્રમની પોતાની પ્રથમ મુલાકાત બદલ રૂ. પાંચ કરોડ મેળવ્યા હતા. આ દાવાઓ અંગે સ્થિતિ સ્પષ્ટ કરતા કોહલીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું કે, ફલાહારી મહારાજ દિનેશ શર્મા દ્વારા કરવામાં આવેલા તમામ આક્ષેપ તથ્યવિહીન અને તદ્દન ખોટા છે. કોહલીની આશ્રમની મુલાકાતો માત્ર મહારાજજી પ્રત્યેની તેમની ઊંડી શ્રદ્ધા, આસ્થા અને આદર ભાવનાથી પ્રેરાયેલી છે. પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું કે, અમે આ ખોટા દાવાઓનું સખત ખંડન કરીએ છીએ અને સમસ્ત મીડિયાને અપીલ કરીએ છીએ કે આવા નિવેદનોને અહેવાલ તરીકે દર્શાવતા કે આગળ વધારતા પહેલા સત્યતાની ચકાસણી કરે અને જવાબદારીપૂર્વક અહેવાલ પ્રસિદ્ધ કરે.

# સજા ભોગવીને પણ રાષ્ટ્રીય ટીમ માટે રમીશ : રોનાલ્ડો

**કોચ** જોર્જ જેસસ સાથે વચનભંગના વિવાદ વચ્ચે રોનાલ્ડોએ પ્રશંસકોની માફી માગી નિવૃત્તિની અફવાઓ ફગાવી



લિસ્બન, તા. 07 : પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ સ્પષ્ટ કર્યું છે કે તે ઈન્ટરનેશનલ ફૂટબોલમાંથી નિવૃત્તિ નથી લઈ રહ્યો અને ભવિષ્યમાં રાષ્ટ્રીય ટીમ માટે રમવા ઉપલબ્ધ રહેશે. હાલમાં જ નેશન્સ લીગ મેચો દરમિયાન મુખ્ય કોચ જોર્જ જેસસ સાથે રમાડવા અંગે થયેલી વાતચીતમાં વચનભંગ થતાં 41 વર્ષીય રોનાલ્ડો કેમ્પ છોડીને જતો રહ્યો હતો.

રોનાલ્ડોએ એક લાંબા નિવેદનમાં સ્વીકાર્યું કે ટીમનો કેપ્ટન હોવાના નાતે આ રીતે કેમ્પ છોડવો તેની ભૂલ હતી. તેણે પોર્ટુગલના લોકો અને પ્રશંસકોની માફી માગતા કહ્યું કે તે પોતાની ભૂલ માટે સજા ભોગવવા તૈયાર છે. ફેડરેશનના નિયમો મુજબ વગર કોઈ યોગ્ય કારણસર કેમ્પ છોડવા બદલ ખેલાડી પર 1 થી 6 મહિનાનો પ્રતિબંધ અને દંડ થઈ શકે છે. સૌદી ક્લબ અલ-નાસર માટે રમતા રોનાલ્ડોએ જણાવ્યું કે વર્લ્ડકપ પછી તેણે નિવૃત્તિ લેવાનું વિચાર્યું હતું, પરંતુ ફેડરેશનની વિનંતી પર તે રોકાયો હતો. નોર્વે સામેની 2-1 ની જીત દરમિયાન રોનાલ્ડોને બેંચ પર રાખવામાં આવ્યો હતો, ત્યારબાદ ડેનમાર્ક સામેની મેચ પહેલાં તે ટીમ છોડી ગયો હતો.

# નેશન્સ લીગ ફૂટબોલ : ઈંગ્લેન્ડે જેકિયાને, સ્પેને ક્રોએશિયાને હરાવ્યું

**મેરીનોના** બે ગોલથી સ્પેને અજેય ક્રમ જાળવ્યો, કેને વિક્રમી 125મી મેચમાં બે ગોલ કર્યા

મેડ્રિડ, તા. 07 : નેશન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં સબસ્ટિટ્યૂટ ખેલાડી મિકેલ મેરીનોના બે ગોલની મદદથી સ્પેને ક્રોએશિયાને 2-1થી હરાવીને ઉત્કૃષ્ટ વાપસી કરી છે. સ્પેને આ જીત સાથે પોતાની સતત 42 મેચોમાં અજેય રહેવાની શ્રેણી જાળવી રાખી છે. બીજી મેચમાં ઈંગ્લેન્ડે જેકિયાને 3-0 થી પરાસ્ત કર્યું હતું. આ જીત સાથે સ્પેને માર્ચ મહિનામાં યોજાનારી ક્વાર્ટર ફાઈનલમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે. ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી કેને પોતાની 125મી ઈન્ટરનેશનલ મેચ રમતા 2 ગોલ નોંધાવ્યા હતા. પીટર શિલ્ટનના સૌથી વધુ મેચ રમવાના રેકોર્ડની બરાબરી કરવાની સાથે કેને પોતાના ઈન્ટરનેશનલ ગોલની સંખ્યા 91 પર પહોંચાડી દીધી છે. અન્ય મુકાબલાઓમાં સ્વિટ્ઝરલેન્ડે નોર્થ મેસેડોનિયાને 3-0 થી હરાવ્યું હતું, જ્યારે સ્કૉટલેન્ડનો સ્લોવેનિયા સામે 1-2 થી પરાજય થયો હતો.